# ભાવનગરમાં થેલેસેમિયાની જાગૃતિ અંગે બેઠક યોજાઈ

## આવનારા દિવસોમાં ખોડ ખાંપણવાળા બાળકોને અવતરતા અટકાવવા લગ્ન કે સગાઈ પહેલા આ પરિક્ષણ કરાવવું જરૂરી

ભાવનગર, બુધવાર

લગ્ન પહેલા થેલેસેમિયાની તપાસ કરવામાં આવે તો ખોડખાંપણવાળા બાળકને જન્મતું અટકાવી શકાય તેમ છે.

લગ્ન કે સગાઈ પહેલા થેલેસેમિયાની તપાસ કરાવવામાં આવે તો ખોડ - ખાંપણવાળા બાળકને અવતરતું અટકાવી શકાય અને તંદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકાય તે માટે રેડક્રોસ સહિતની સંસ્થાઓ દ્વારા જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

વધુમાં વધુ યુવક - યુવતિઓ થેલેસેમિયાના રોગ અંગે જાણકારી મેળવે તે માટે સ્કુલ - કોલેજમાં કેમ્પ પણ યોજાઈ રહ્યા છે. આ અભિયાનને આગળ ધપાવવા માટે રેડક્રોસ સોસાયટીના ગુજરાત રાજ્ય શાખાના પ્રોજેકટ એકઝીકયુટીવ ડાયરેકટર પ્રકાશભાઈ પરમારની ઉપસ્થિતિમાં થેલેસેમિયાની જાગૃતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, સામાજીક કાર્યકરો તેમજ થેલેસેમીયા ઉપર કાર્ય કરી રહેલા વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમિતિની બેઠકમાં થેલેસેમિયા અંગે લોકજાગૃતિ કેળવવા માટે પરિક્ષણ કેમ્પ યોજવા ઉપરાંત ગોરબાપા સંમેલન, વાડી મંડળ સાથે બેઠક, મેરેજ બ્યુરો, જ્ઞાતિ મંડળો તેમજ સામાજીક અને ઔદ્યોગિક સંસ્થાઓનો સહયોગ વગેરે બાબતે ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી.

# સિંધી સમાજ દ્વારા જન્મોત્સવની ઉજવણી વેળાએ ડિરેકટરીનું વિમોચન કરાયું

ભાવનગર, બુધવાર

ભાવનગરમાં સિંધી સમાજના સંત સ્વામી લીલાશાહ મહારાજનો જન્મ ઉત્સવ આસ્થાભેર ઉજવવામાં આવ્યો હતો.

લાડી લોહાણા સિંધી પંચાયત, ભાવનગર દ્વારા સિંધી સમાજના સંત સ્વામી લીલાશાહ મહારાજનો જન્મોત્સવ આસ્થાભેર ઉજવવામાં આવ્યો હતો.

સ્વામી લીલાશાહ હોલ સિંધુનગરમાં યોજવામાં આવેલા મહોત્સવમાં સુખમની સાહેબનો પાઠ, કિર્તન ઉપરાંત લાડી સમાજની વર્ષ ૨૦૧૦ ની ડિરેકટરીનું વિમોચન પંચાયતના હોદ્દેદારો, આગેવાનો તેમજ સિંધી સમાજની વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

# ઈન્ડિયન મુજાહિદ્દિને નેટવર્ક અંતે નેપાળમાં ખસેડી લીધું

## બાંગ્લાદેશમાં જોરદાર લશ્કરી કાર્યવાહી હાલ હાથ ધરાતા મોટાભાગના લીડરો નેપાળ ભાગી ગયા હોવાના અહેવાલ

કોલકતા, બુધવાર

ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દિને તેનું નેટવર્ક બાંગ્લાદેશથી હવે નેપાળમાં ખસેડી લીધું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. ઈન્ટેલિજન્સ અધિકારીઓએ કહ્યું છે કે, બાંગ્લાદેશમાં તાજેતરમાં આતંકવાદીઓ સામે જોરદાર કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા બાદ ઈન્ડિયન મુજાહિદ્દિનના ટોચના લીડરો અંડરગ્રાઉન્ડ થઈ ગયા છે અને નેટવર્ક નેપાળમાં ખસેડી લેવાયું છે.

કોલકતામાં ત્રાસવાદી હુમલાની શક્યતા પણ વધી ગઈ છે. નેપાળમાંથી આવેલા ઈન્ડિયન મુજાહિદ્દિનના કેટલાક શખ્સોએ હાલમાં શહેરની રેકી કરી હતી. ભારતભરમાં અનેક ત્રાસવાદી હુમલામાં વોન્ટેડ સલમાન અહેમદ ઉર્ફે છોટુની પૂછપરછ કરાયા બાદ આ અંગેની વિગત જાણવા મળી છે. વિવિધ સંસ્થાઓ હાલ સલમાનની પૂછપરછ કરી રહી છે.

સલમાને કહ્યું છે કે, આઈએમના મોટાભાગના લીડરો બાંગ્લાદેશથી હવે નેપાળમાં આવી ગયા છે. બાંગ્લાદેશી રેપિડ એક્શન બટાલિયન દ્વારા છેલ્લા થોડાક મહિનાથી જોરદાર કાર્યવાહી હાથ ધરાતાં ત્રાસવાદીઓમાં ખળભળાટ મચી ગયો છે. ઉત્તરપ્રદેશમાંથી ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ઝડપાયેલા આઈએમના શખ્સ સહેજાદ અહેમદે પણ આવી જ વિગત પૂરી પાડી હોવાનું જાણવા મળ્યું છે. સલમાને કોલકતા હિટલિસ્ટમાં હોવાની પૂછપરછ દરમિયાન કબૂલાત કરી છે.



# એક નજર ઈધર ભી....

★ રાજ્ય સરકાર દ્વારા ખોટ કરી રહેલા એસ.ટી. નિગમને બચાવવા માટે ચાર ઝોનમાં વહેંચવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, આ નિર્ણયના પગલે મોટાભાગના એસ.ટી. ડેપો બંધ કરવાની હિલચાલ થઈ રહી છે. આ પ્રક્રિયાના ભાગરૂપે ગઢડા એસ.ટી. ડેપો પણ બંધ થનાર હોય ગઢડા કોંગ્રેસ દ્વારા વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે અને બુધવારે ગઢડા બંધનું એલાન આપવામાં આવ્યું છે. કોંગ્રેસના આગેવાનો દ્વારા બંધને સફળ બનાવવા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.

★★★

★ યાત્રાધામ પાલિતાણામાં એસ.ટી. બસ હેઠળ ચગદાઈ જવાથી ચાર વર્ષના બાળકનું કરૂણ મોત નિપજ્યું છે. પાલિતાણાના તળેટી વિસ્તારમાં બનેલી અકસ્માતની ઘટનામાં હળમદીયાનો ૪ વર્ષનો બાળક સુમીત રઘુભાઈ મેર ઉપર એસ.ટી.નું તોતીંગ વ્હીલ ફરી વળતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવે ભારે અરેરાટી ફેલાવી છે. પોલીસે એસ.ટી. બસના ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

★★★

★ રાજ્ય સરકાર સંચાલિત શિપ બિલ્ડીંગ કંપની આલ્કોક એશડાઉન લિમિટેડના કામદાર, કર્મચારીઓનો પગાર વધારવાનો પ્રશ્ન છેલ્લા ૨૧ માસથી ઉકેલાયો ન હોય કામદારો, કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. કંપનીના ધારા-ધોરણ મુજબ દર પાંચ વર્ષે પે રિવિઝન અંગે યુનિયન સાથે એગ્રીમેન્ટ કરવામાં આવે છે. જુના એગ્રીમેન્ટની મુદત પુરી થયા ઉપરાંત ૨૧ માસ જેટલો સમય પસાર થઈ ગયો હોવા છતાં મેનેજમેન્ટ દ્વારા પગાર વધારા બાબતે કોઈ પ્રતિક્રિયા કરવામાં આવી નથી. આ અંગે વારંવાર રજુઆત પણ કરવામાં આવી છે છતાં પ્રશ્ન વણઉકેલ હોય રાષ્ટ્રિય જનરલ વર્કસ યુનિયન દ્વારા આંદોલનની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.